# પ્રગતિની પારાશીશી શિક્ષણ છે આદિવાસી ભણશે નહિ ત્યાં સુધી પ્રગતિ નહિ : મંગુભાઈ પટેલ

## આરડેકતા કોલેજ ખેડબ્રહ્મા ખાતે વિશાળ સંખ્યામાં આદિવાસી સમૂદાયના લોકો ઉપસ્થિત રહ્યા : રાજ્યપાલે મીની અંબાજી મંદિરના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા

બાયડ તા.૧૩

દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લાના વતની અને પૂર્વ આદિજાતિ અને વન પર્યાવરણ મંત્રી અને હાલમાં તાજેતરમાં નવનિયુક્ત મધ્યપ્રદેશના માન. રાજ્યપાલ શ્રી મંગુભાઈ પટેલ ગુજરાતના સ્ટેટ ગેસ્ટ બની આદિજાતિ જિલ્લાના પ્રવાસે પધાર્યા છે. તેમનું આદિજાતિ લોકો દ્વારા ઉષ્માભર્યુ સ્વાગત સન્માન




કરવામાં આવી રહ્યું છે.

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્માના આર્ડેકતા કોલેજ ખાતે સાબરકાંઠા-બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લાના સમસ્ત આદિવાસી સમાજ અને સ્થાનિક સંગઠન, પદાધિકારી અગ્રણીઓ દ્વારા ભવ્ય પરંપરાગત સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો.

રાજયપાલ ખેડબ્રહ્મા ખાતે હેલિકોપ્ટર દ્વારા સવારે ૧૧-૦૦ કલાકે આવી પંહોચ્યા હતા. રાજયસભાના સાંસદ શ્રીમતી રમીલાબેન બારા, જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયા, જિલ્લા પોલીસ વડા શ્રી નિરજ બડગુજર દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કરવમાં આવ્યું હતું અને ખેડબ્રહ્મા સરકીટ હાઉસ ખાતે પોલીસ વિભાગ દ્વારા માન. રાજયપાલશ્રીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

આર્ડેકતા કોલેજ ખાતે આદિજાતિ સમાજને સંબોધન કરતા માન.રાજયપાલ શ્રી મંગુભાઈ પટેલે જણાવ્યું હતું કે, પ્રગતિની પારાશીશી શિક્ષણ છે. અને આદિવાસી ભણશે નહિ ત્યાં સુધી પ્રગતિ થશે નહિ

તેમ જણાવી તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભૂતકાળમાં વર્ષો પહેલા આદિવાસી સમાજમાં શિક્ષણનું સ્તર ખૂબ જ નીચુ હતું માત્ર ૨૭ ટકા હતું તેમાં બહેનોનું શિક્ષણ ખૂબ જ ઓછુ હતું આજે રાજય સરકારના સતત પ્રયત્નો અને એકલવ્ય રેસીડેન્શીયલ સ્કૂલ, સમરસ હોસ્ટેલ, આદર્શ નિવાસી શાળાઓ આદિજાતિ વિસ્તારોમાં શરૂ કરીને ઘર આંગણે ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવામાં આવે છે. અને આજે આદિજાતિ લોકોમાં ૬૪ ટકા શિક્ષણ સ્તર પંહોચ્યું છે. તેવા વિઝનરી તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ફાળે જાય છે. હું તેમને રાજનીતિમાં આવ્યા તે પહેલા ૧૯૬૨-૬૩થી ઓળખું છું, અમારા વિસ્તારમાં તેઓ પ્રચારક તરીકે આવતા આદિવાસીઓના ઘરે જમવા જતા. ગરીબો માટે કંઈક કરવાની સંવેદના તેમના મનમાં ભારોભાર પડેલી હતી. તેમણે વનબંધુ કલ્યાણ યોજના શરૂ કરીને આદિવાસીઓના વિકાસના દ્વાર ખોલ્યા છે. ઉજ્જવલા યોજના, જનધન યોજના થકી ૪૩ કરોડ બેંક ખાતા ખોલ્યા છે. અને દિલ્હીથી સો રૂપિયા મોકલે તે ૧૨૫ રૂપિયા થઈને ખાતામાં જમા થાય તેવી વ્યવસ્થા વિકાસવી છે. આદિવાસી સમાજને ગૌરવ અપાવે તેવા પ્રધાનમંત્રી આપણને મળ્યા છે. આપણા પાલ-દઢવાવમાં વિરાજંલી વન, મહિસાગરમાં ગોવિંદગુરૂ સ્મૃતિવન ઉભા કરીને આઝાદીના જંગમાં આદિવાસીઓએ આપેલા બલિદાન શહિદોને ભાવીપેઢી યાદ કરે તેવા સ્મારકો બનાવ્યા છે.

કોરોના જેવી કપરી પરિસ્થિતમાં દો ગજ કી દૂર, જાન હે તો જહાન હે, કોરોના વોરીયર્સનું સન્માન દિપ પ્રજ્વલિત કરીને અદકેરૂ સન્માન ડૉકટર,નર્સ અને વહિવટીતંત્રને આપ્યું છે. અને દેશનું સુકાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહની જોડીએ દેશના વિકાસને દુનિયાના નકશા સુધી પંહોચાડીને સૌને પ્રગતિની પ્રતિતિ કરાવી છે.

રાજયપાલ મંગુભાઈ પટેલે જણાવ્યું હતું કે, એક આદિવાસીની દિકરીને રાજયસભાના સાસંદ તરીકે રમીલાબેન બારા અને અદના કાર્યકર મને રાજ્યપાલ તરીકેનું પદ આપીને આદિવાસી સમાજનું ગૌરવ વધાર્યુ છે. તેને જવાબદારી પૂર્વક સારી રીતે નિભાવવાની નેમ વ્યકત કરી હતી કામમાં અડગ રહો, સારા કામ કરતા રહો નાના માણસનું કામ કરો, ખોટુ કરો નહિ, ભગવાનની કૃપા તમારા પર રહેવાની છે. બંધ મકાનમાં નાનું છિદ્ર હોય તો પ્રકાશ આપો આપ પથરાશે. તેમ જણાવી નિરાશ થવુ નહિ, તમારા કર્મનું ફળ તમને મળશે સૌથી વધુ આદિવાસી વસતી ધરાવતો અને જંગલ વિસ્તાર એટલે મધ્યપ્રદેશ ગુજરાતની જેમ ત્યાં પણ વિકાસ થાય લોકોનું કલ્યાણ થાય, પ્રધાનમંત્રી એ સબકા સાથ,સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસનો મંત્ર આપ્યો છે. તે દિશામાં આપણે સૌ કામ કરીએ તો રાષ્ટ્રનું કલ્યાણ અવશ્ય થશે તેવી શ્રધ્ધા છે. આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈની ખ્યાતિ વિશ્વકક્ષાએ વિસ્તરી છે. તેનું સૌને ગૌરવ છે. આજે હું અંહિ તમને મળવા અને સબંધોની યાદને તાજી કરવા આવ્યો છુ આનંદના કાર્યક્રમમાં




જૂના સાથીદારોને મળવા આવ્યો છું

આ પ્રસંગે રાજ્યસભાના સાસંદ શ્રીમતી રમીલાબેન બારાએ જણાવ્યું હતું કે, સમગ્ર આદિવાસી સમાજને પ્રેમ, હૂંફ, સેવા અને માર્ગદર્શન આપ્યું છે. તેવા માન. રાજયપાલ શ્રી મંગુભાઈનું ઠેર ઠેર સ્વાગત થઈ રહ્યું છે. તે ગૌરવ અને આનંદની વાત છે. ઉમરગામથી અંબાજી સુધીમાં રોડ,રસ્તા,આરોગ્ય શિક્ષણ, ખેતી, જંગલ જમીન સાબરકાંઠા જિલ્લામાં ૧૨૦૦ લોકોને સનદ આપી છે. તેનું શ્રેય મંગુભાઈ પટેલને જાય છે. આગીયોલ ખાતે ૧૮ કરોડના ખર્ચે તૈયાર થયેલ એકલવ્ય મોડૅલ સ્કૂલ, પોશીનામાં વર્કિંગ વુમન હોસ્ટેલ, શિક્ષકોને રહેવા માટે આવાસ રૂ. ૫.૫ કરોડના ખર્ચે તૈયાર કરાયા છે. પાલ દઢવાવનું વિરાજંલી વન, મહિલાઓ માટે વ્યવસાયિક તાલીમ કેન્દ્ર, પોળોના જંગલો પોળો ફોરેસ્ટ ડેવલપમેન્ટ, ઈકોટુરીઝમ તેમના અથાગ પ્રયત્નો અને દૂરંદેશીનું પરીણામ છે.તેઓ સમગ્ર ગુજરાતમાં અદના આદમીને નામથી જાણે છે. આદિવાસી સમાજના લોકપ્રિય સેવક બનીને આદિજાતિ કલ્યાણના અનેક કામો કરીને ગરીબોના મસીહાની જેમ કામ કર્યુ છે. કદરરૂપે આજે આપણી વચ્ચે રાજ્યપાલ તરીકે અહિ આવીને આપણને પ્રોત્સાહિત કર્યા તે બદલ આભાર વ્યકત કરી સૌ વતી હાર્દિક સ્વાગત કરૂ છું.

નરેન્દ્રભાઈ મોદીએ દેશની અંદર ૩૦ આદિવાસી સાસંદો છે. તેમા ૮ સાસંદોને મંત્રી પદે બેસાડીને આદિવાસીઓના વિકાસની ગતિમાં વેગ લાવવાનું સરાહનીય કાર્ય કર્યુ છે. તેમને પણ વંદન કરૂ છુ.

કાર્યક્રમમાં આદિજાતિના વિવિધ સંગઠનો દ્વારા પરંપરાગત માટીના ઘોડા, તીર-કમાન અને બિરસામુંડા અને રાણાપુંજા ભીલ, શામળીયાની તથા અંબેમાતાની પ્રતિમાથી સ્વાગત કર્યુ હતું આર્ડેકતા કોલેજ ખેડબ્રહ્મા દ્વારા સંચાલક આર.ડી.પટેલ એ રાજયપાલ મંગુભાઈ પટેલ નું સન્માન કર્યુ હતું. સત્કાર સમારોહમાં સાબરકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ ધીરજભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી લાલસિંહ ચૌહાણ સંગઠન અગ્રણી ભરતભાઈ આર્ય, સહકારી આગેવાન જશુભાઈ પટેલ, આદિજાતિ અગ્રણી પી.સી.બરંડા સહિત જિલ્લા-તાલુકા પંચાયતના ચૂંટાયેલા સદસ્યશ્રીઓ તથા આર્ડેકતા કોલેજના સંચાલક શ્રી આર.ડી.પટેલ સહિત આદિજાતિના લોકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રૂપાલકંપામાં રબારી પરિવારના વાડામાંથી ૨૦ બકરાની તસ્કરી

## અગાઉ પણ ચાર વખત બકરા ચોરી જવાના બનાવ પછી પાંચમી વખત તસ્કરી થવાના બનાવે માલધારી પરિવાર પર આભ તૂટયું



ગાંભોઈ, તા.૧૪

હિંમતનગર તાલુકાના રૂપાલકંપા ગામે રહેતા માલધારી રબારી પરિવારના વાડામાંથી ૨૦ બકરાની તકલીફ થતાં આ અંગે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ ફરિયાદ આપતા પોલીસે તપાસ આરંભી છે.



રૂપાલકંપા ગામે બકરા, ગાય અને ભેંસનું પશુપાલન કરી દૂધનો વ્યવસાય કરતા ડાયાભાઈ વિહાભાઈ રબારીના ઘરના પાછળના ભાગે પશુવાડામાંથી મંગળવારની વહેલી સવારે ત્રણ વાગ્યાના આસપાસ તસ્કરો કોઈ વાહન દ્વારા વાડામાં રાખેલ ૫૫ બકરા પૈકી ૨૦ બકરાની અંદાજે કિંમત દોઢ લાખની તસ્કરી કરી પલાયન થઈ ગયા હતા. જ્યારે સવારે બકરાનો ચારો-પાણી કરવા ગયેલા ડાયાભાઈ રબારીને પોતાના વાડામાં બકરા ઓછા જણાતા બકરાની ચોરી થઈ હોવાની જાણ થઈ હતી. પશુપાલનનો વ્યવસાય કરતા આ માલધારી પરિવારના વાડામાંથી અગાઉ પણ ચાર વખત બકરા ચોરી જવાના બનાવ પછી વહેલી સવારે પાંચમી વખત તસ્કરી થવાના બનાવે આ માલધારી પરિવાર પર આભ તૂટી પડે તેવી દયાજનક હાલત થવા પામી છે. આ પશુ તસ્કરી અંગે આસપાસના વિસ્તારોમાં તપાસ કરતાં કોઈ ભાળ ન મળતાં છેવટે રૂપાલકંપામાં રહી પશુપાલનનો ધંધો કરતા માલધારી ડાયાભાઈ રબારીએ આ બનાવ સંદર્ભે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ ફરિયાદ આપતા સ્થાનિક પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે.

# મોડાસા નગરપાલિકાના વિરોધપક્ષના નેતાની પક્ષમાંથી હકાલપટ્ટી કરાઈ

## મહિલાની છેડતી કરી હોવાનું બહાર આવતાં પાલિકાના સદસ્ય તરીકે પણ રાજીનામુ મુકાવવાની પક્ષે ફરજ પાડી

મોડાસા તા.૧૪

મોડાસાના એઆઈએમઆઈએમના સદસ્ય અને ગત પાલિકાની ચૂંટણીમાં જીતીને વિરોધપક્ષ તરીકે બેસનાર સદસ્ય દ્વારા પરસ્ત્રી સાથે સંબંધ અંગેની વાત બહાર આવતા એઆઈએમઆઈએમ પક્ષ દ્વારા હકાલપટ્ટી કરવામાં આવી હતી. સાથે પાલિકાના સદસ્યપદેથી પણ રાજીનામુ આપવા માટેની ફરજ પાડવામાં આવતાં ચકચાર મચી હતી.

આ અંગે મળતી વિગતો અનુસાર મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં એઆઈએમઆઈએમ પક્ષમાંથી ચૂંટણી લડીને રફીક શેખ સદસ્ય તરીકે ચૂંટાયા હતા. બાદમાં વિરોધપક્ષના નેતા તરીકે પણ પાલિકામાં પદ મળ્યું હતું. રવિવારે રાત્રિના સમયે આ નેતાને પોતાનો રંગીન મિજાજી સ્વભાવ ભારે પડી ગયો હતો. એક મહિલાને મળવા આ સદસ્ય ગયા હતા ત્યારે હોબાળો મચી ગયો હતો. ત્યાર બાદ એઆઈએમઆઈએમ પક્ષે ગંભીર નોંધ લઈ રફીક શેખને પક્ષના સભ્યપદેથી તથા મોડાસા નગરપાલિકાના વિરોધપક્ષના નેતા તરીકેથી સસ્પેન્ડ કરી દીધા હતા. પક્ષની આબરૂના કાંકરા થતાં વોર્ડ નં-૭માંથી ચૂંટાયેલ આ સદસ્યને પાલિકાના સભ્યપદેથી પણ રાજીનામુ આપી દેવાની ફરજ પાડવામાં આવી હતી.

# પ્રાંતિજ ખાતે ક્ષત્રિય સમાજ દ્વારા અણુંજાની પ્રથા યથાવત



પશુ રક્ષણ માટે વર્ષમાં એક વખત બળિયાદેવની બાધા કરે છે : આ દિવસે પશું નું દૂધનું વિતરણ કરવામાં આવતું નથી : વર્ષોથી ચાલી આવતી પરમપરા આજે પણ યંત્ર યુગમાં પણ યથાવત

પ્રાંતિજ તા.૧૪

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે રહેતા ક્ષત્રિય સમાજ દ્વારા અંણુજા પાડવામાં આવ્યા હતાં જેમા પશુઓના રક્ષણ માટે વર્ષ માં એક વખત બળિયા દેવની બાધા આજે પણ કરવામાં આવે છે જે વર્ષો થી ચાલી આવતી પરમપરા આજે પણ યંત્ર યુગમાં પણ યથાવત છે.


પ્રાંતિજ નાની ભાગોળ મોટા વાસ, નાનાવાસ, આંબલિયા વાસ, જાંબુ વાસ ખાતે રહેતા ક્ષત્રિય સમાજના ભાઈ- બહેનો દ્વારા બળિયા દેવના મંદિર ખાતે આજે વર્ષો થી ચાલી આવતી પરમપરા મુજબ પોતાના પશુઓની તંદુરસ્તી માટે એક દિવસ માટે અંણુજા પાડવાં આવે છે જેમાં પશુ દુધનું વિતરણ કરવામાં આવતું નથી અને નાનાથી મોટા મહિલાઓ સહિત કુલેર, ઉધના ટોડા બુંદી જેવી પ્રસાદ લઈને નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ બળિયા દેવના મંદિર ખાતે જઈને બાધા પૂર્ણ કરવામાં આવે છે અને ત્યાર બાદ પરત આવી બહુચર મંદિર ખાતે ટોળાનું હવન કરવામાં આવે છે અને ક્ષત્રિય સમાજના ભાઈ બહેનો દ્વારા પ્રસાદ લઈ છુટાપડ્યા હતાં.

# ગણપત યુનિવર્સિટીની ફાર્મસી ફેકલ્ટી અને ગુજકોસ્ટ દ્વારા હર્બલ-કોસ્મેટિક પર વેબિનાર યોજાયો

## રાષ્ટ્રીય કક્ષાના આ વેબીનારમાં ૨૨ રાજયોના ૮૫૦ જેટલા અભ્યાસુ-સંઘોધકોએ ભાગ લીધો

ગણપત વિદ્યાનગર તા.૧૪

ગુજરાતની પ્રથમ પાંચ શ્રેષ્ઠ યુનિવર્સિટીઓમાં પોતાનું સ્થાન અંકિત કરી વિદ્યા દ્વારા સમાજના ઉત્કર્ષ માટે છેલ્લા દોઢ દાયકાથી કાર્યરત એવી હાઈટેક શૈક્ષણિક સંસ્થા ગણપત યુનિવર્સિટીની ફેકલ્ટી




ઓફ ફાર્મસી દ્વારા તાજેતરમાં એક નેશનલ - લેવલના બે દિવસીય ઓનલાઈન વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ હસ્તકની ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પરિષદ (ગુજકોસ્ટ) દ્વારા પુરસ્કૃત આ બે દિવસ રાષ્ટ્રીય કક્ષાના વેબીનારનો વિષય 'ઈનોવેશન્સ ઈન હર્બલ્સ કોસ્મેટિક્સ : પાસ્ટ, પ્રેઝન્ટ એન્ડ ફ્યુચર પરસ્પેક્ટિવ્સ' રાખવામાં આવ્યો હતો. ગણપત યુનિવર્સિટીની ફાર્મસી ફેકલ્ટીની એસ. કે. પટેલ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેઓશન એન્ડ રિસર્ચ દ્વારા સંચાલિત આ વેબીનારમાં ફાર્મસી એજ્યુકેશનના વિદ્વાનો તેમજ ફાર્માસ્યુટિકલ ઉદ્યોગના નિષ્ણાંત મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ઝાયડસ વેલનેસના આર.એન્ડ ડી. વિભાગના વડા ડૉ. ગોવિંદરાજન રાઘવન, સિલવા જ્ઞાની એસ.એસ.આર. કૉલેજ ઓફ ફાર્મસીના પ્રિન્સિપાલ ડૉ. સંજીવ આચાર્ય, ગ્રેટર નોઈડા, દિલ્હીના રામ-ઈશ સંસ્થાના આચાર્યા ડૉ. પલ્લવી ડી. રાય, બેંગ્લોરની કુમાર ઓર્ગેનિક પ્રોડક્ટસ એન્ડ રિસર્ચ સેન્ટર પ્રા. લિ. કંપનીના ફોર્મ્યુલેશન હેડ વિનયકુમાર સિંહ, લોયડ ઈન્સ્ટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી, નોઈડાના સંશોધન નિયામક ડૉ. કંચન કોહલી સહિત અનેક નિષ્ણાંત મહાનુભાવોનો સમાવેશ થાય છે. આ સૌ વિદ્વાનોએ હર્બલ કોસ્મેટિક્સ સંબંધિત વિવિધ પાસાંઓ વિષે પોતાની જાણકારી, મૂલ્યવાન માહિતી અને જ્ઞાન સહભાગીઓ સાથે વહેંચ્યા હતા.

આ ઓનલાઈન વેબીનારમાં દેશના ૨૨ રાજયોમાંથી ૮૫૦ જેટલાં અભ્યાસુ વિદ્યારથીઓ, સંશોધકો, વ્યવસાયિકો અને પ્રાધ્યાપકોએ ઉપસ્થિત રહી વિચાર-વિમર્શ અને જ્ઞાન-ગોષ્ઠિમાં સહભાગિતા દાખવી હતી. ભાગ લેનાર સૌ મિત્રોમાંથી અનેક લોકોએ પોસ્ટર - પ્રેઝન્ટેશન કર્યું હતું તો ૪૩ જેટલા સંશોધન - પત્રો, સમીક્ષા-પત્રો પણ રજુ કર્યા હતા. આમાંના શ્રેષ્ઠ પોસ્ટર્સ, સંશોધન અને સમીક્ષા પત્રોને રોકડ પુરસ્કારોથી નવાજમાં આવ્યા હતા.



## પ્રાંતિજ ખાતે ભોઇ સમાજની મહિલાઓ દ્વારા જલયાત્રા

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે શિગોડા ભોઈ સમાજની મહિલાઓ દ્વારા મટકી યાત્રા (જલયાત્રા) કાઢવામાં આવી હતી જેમાં ભોઈ સમાજ ની મહિલાઓ દ્વારા માથે મટકી મુકીને યાત્રા માં જોડાઈ હતી. પ્રાંતિજ ખાતે રહેતાં શ્રીમાળી શિગોડા ભોઈ સમાજ ની મહિલાઓ દ્વારા દર વર્ષ ની જેમ આ વર્ષે પણ ભાદરવાસુદ નોમ ના પ્રવિત્ર દિવસે મોટામાઢે થી ગાગર બેલડી જલયાત્રા કાઢવામાં આવી હતી જયારે સંતાન પ્રાપ્તિ અને કુટુંબના કલ્યાણ અર્થે તેવો માતાજીની બાધા રાખેછે અને શિગોડા ભોઈ સમાજ પાણી સાથે સંકળાયેલો છે જેથી જળ દેવતાની તેઓ શ્રધ્ધા પૂર્વક પૂજા અર્ચના કરેછે અને માતાજીની બાધા પણ રાખતાં હોય છે ત્યારે આ પવિત્ર દિવસે સમાજની મહિલાઓ મહાકાલી પાસે આવેલ મંદિરે એકઠાં થઈને આ દિવસે સમુહમાં માનેલ બાધા પૂર્ણ થતાં અને જલ દેવની પુંજા માટે માથે બેડામૂકી ઢોલ નંગારા સાથે પ્રાંતિજ ના વિવિધ વિસ્તારોમાંથી પ્રસાર થઈ જલયાત્રા નેશનલ હાઈવે આઠ શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર ખાતે જઈને જલયાત્રા સમાપન કરવામાં આવે છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કોરોનાથી મૃત્યુ પામેલાને ન્યાય અપાવવા માટેની કોંગ્રેસની ન્યાયયાત્રા પૂર્ણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા. ૧૪

રાજયમાં કોરોનાની મૃત્યુ પામેલાને ન્યાય અપાવવા કોંગ્રેસ દ્વારા તમામ વિધાનસભા મતક્ષેત્રમાં ન્યાયયાત્રા યોજવામાં વી પરંતુ સાબરકાંઠા - અરવલ્લીમાં કોંગ્રેસની ન્યાય યાત્રાને નબળો પ્રતિસાદ મળતાં કોંગ્રેસમાં અંદરો અંદર ઘમાસણ મચ્યું છે. જયારે કેટલાક વિસ્તારમાં સંખ્યા દેખાઈ હતી પરંતુ તે સ્થાનિક ગ્રામજનોની મૃતક પરિવાર માટે સહાનુભૂતિ હોવાનું અનુમાન છે.

જિલ્લામાં કોરોના સંક્રમણ દરમિયાન પાછલા ૧૮ મહિનામાં કેટલા લોકોના મૃત્યુ થયા તે બાબતો વિવાદથી ભરપૂર રહી છે. બંને જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા દર્શાવયેલા મૃતકના આંકડા સામે સવાલ ઉઠ્યા હતા. કોંગ્રેસ દ્વારા જિલ્લામાં ૫૦૦ થી વધુ લોકો કોરોનાથી મૃત્યુ પામ્યાના આક્ષેપ લગાવ્યા છે. કોંગ્રેસ

**નબળા પ્રતિસાદથી કોંગ્રેસમાં ઉચાટ, કયાંક સંખ્યા દેખાઈ!!**

દ્વારા રાજયમાં કોરોનાથી મૃત્યુ પામેલા પરિવાર જનોને સરકાર સહાય ચૂકવે તે માટે ન્યાયયાત્રાઓ યોજી હતી. જિલ્લાના મોડાસા - ભિલોડા - બાયડ - પ્રાંતિજ - હિંમતનગર - ઈડર - ખેડબ્રહ્મા વિધાનસભા ક્ષેત્રમાં કોંગ્રેસની ન્યાયયાત્રાઓ યોજાઈ પરંતુ કોંગ્રેસની ધારણા પ્રમાણે પ્રતિસાદ મળ્યો નથી. કેટલાક લોકોને લાગ્યું કે કોંગ્રેસ ન્યાયયાત્રાના નામે રાજકીય રોટલા શેકવા નીકળી છે. કોંગ્રેસની ન્યાય યાત્રાને પ્રાંતિજ વિધાનસભા ક્ષેત્રમાં ઠીકઠાક સમર્થન મળ્યું અને અન્ય ક્ષેત્રમાં ધારણા કરતાં ઓછો પ્રતિસાદ મળ્યો હતો. કેટલાક વિસ્તારોમાં ભાજપના કાર્યકરો પણ કોંગ્રેસની ન્યાયયાત્રામાં જોડાયા પરંતુ તે કોંગ્રેસ પ્રત્યેનો પ્રેમ નથી પરંતુ પોતાના ગામમાં કોરોનાથી જેનું મૃત્યુ થયું તેના પરિવારને સહાય મળે તે માટે સામેલ થયા હતા. આવનારા દિવસોમાં કોંગ્રેસ પોતાની મત બેંક જાળવી રાખવા કઈ યાત્રા કાઢશે તેના ઉપર સૌની મીટ મંડાઈ છે.

## જન્મદિને વધામણી



નટવરસિંહ ચૌહાણ
લીબ તા બાયડ



સ્મિત સોની
બાયડ




દિપકભાઈ સોની
બાયડ



જય રાજેન્દ્રકુમાર પટેલ
ગાંધીનગર (કેનેડા)



રીટાબેન એમ.પટેલ
ખડબી પ્રા.શાળા
બાયડ જી.અરવલ્લી



દક્ષ દિનેશભાઈ પટેલ
મલ્હાર બંગ્લોઝ
બાયડ